# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 31/08/2025** **Morning : 7.10 to 7.20**
**Day : SUNDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **નિકિતા શાહ** વાંચે છે.

---

1. **પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે સવારે 11 વાગે આકાશવાણી પરથી પ્રસારિત થનાર 'મન કી બાત ' કાર્યક્રમમાં વિવિધ વિષયો ઉપર પોતાના વિચારો રજૂ કરશે.**
2. **કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહ આજે અમદાવાદમાં વિવિધ વિકાસ કાર્યોના લોકાર્પણ કરશે.**
3. **રાજ્યમાં જન્મ-મરણની નોંધણી આવતીકાલથી એટલે કે, પહેલી સપ્ટેમ્બરથી હવે કેન્દ્ર સરકારના C.R.S. પોર્ટલ પર કરવાની રહેશે.**
4. **રાજ્યમાં સાર્વત્રિક વરસાદ, પંચમહાલ જિલ્લાના હાલોલમાં સૌથી વધુ 10 ઈંચ વરસાદ - 134 તાલુકાઓમાં ભારેથી હળવો વરસાદ નોધાયો.**
5. **અમદાવાદમાં યોજાયેલી કોમનવેલ્થ વેઈટલીફ્ટિંગ સ્પર્ધામાં ભારતે 27 સુવર્ણ સહિત 40 ચંદ્રકો જીત્યા.**

--------------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....

# PM-MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે સવારે 11 વાગે આકાશવાણી પરથી પ્રસારિત થનાર 'મન કી બાત' કાર્યક્રમમાં વિવિધ વિષયો ઉપર પોતાના વિચારો રજૂ કરશે. માસિક રેડિયો કાર્યક્રમની આ 125મી કડી હશે. હિન્દીમાં મન કી બાતના પ્રસારણ બાદ ગુજરાતીમાં તેનો ભાવાનુવાદ પ્રસારિત કરાશે.

આ કાર્યક્રમ આકાશવાણી અને દૂરદર્શનના સમગ્ર નેટવર્ક, આકાશવાણી ન્યૂઝ વેબસાઇટ અને ન્યૂઝ ઓન એર મોબાઇલ એપ્લિકેશન પર પ્રસારિત કરવામાં આવશે. આકાશવાણી સમાચાર, દૂરદર્શન સમાચાર, પીએમઓ અને માહિતી અને પ્રસારણ મંત્રાલયની યુટ્યુબ ચેનલો પર પણ તેનું જીવંત પ્રસારણ કરવામાં આવશે.

આ ઉપરાંત આજે રાત્રે આઠ વાગે રાજ્યના તમામ આકાશવાણી કેન્દ્રો પરથી મન કી બાત કાર્યક્રમના ગુજરાતી ભાવાનુવાદનું પુનઃ પ્રસારણ કરાશે.

---

# HM GUJARAT

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહ આજે અમદાવાદમાં વિવિધ વિકાસ કાર્યોના લોકાર્પણ કરશે.

ઉલ્લેખનીય છે કે, કેન્દ્રીય ગૃહમંત્રી ગઈકાલથી બે દિવસ રાજ્યના પ્રવાસે છે, ગઈકાલે તેમણે અમદાવાદમાં યોજાયેલ ગણેશોત્સવમાં શ્યામલ વિસ્તાર અને સરદાર પટેલ સેવા સમાજ દ્વારા આયોજિત ગણપતિ મહોત્સવમાં હાજરી આપી હતી અને દર્શન કરી આશિષ મેળવ્યા હતા.

પ્રસ્તુત છે એક અહેવાલ

## (વોઈસ કાસ્ટ – સંસ્કૃતિ ભુંડિયા)

---

## CM DARSHAN

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ ગઇકાલે સાંજે ઘાટલોડિયા વિધાનસભા મતવિસ્તારમાં વિવિધ ગણેશોત્સવમાં સહભાગી થયા હતા. મુખ્યમંત્રીશ્રીએ ઘાટલોડિયા, ગોતા, સોલા, થલતેજ અને મેમનગરમાં વિવિધ ગણેશ પંડાલમાં શ્રીગણેશના ભક્તિભાવપૂર્વક દર્શન કરીને શુભાશિષ મેળવ્યા હતા. આ દરમિયાન મુખ્યમંત્રીશ્રીએ શ્રીજીની આરતીનો લ્હાવો પણ લઈને ધન્યતા અનુભવી હતી.

મુખ્યમંત્રીશ્રીએ ભવ્ય ગણેશ પંડાલોની થીમ, સજાવટ અને ગણેશ સ્થાપનના આયોજનને બિરદાવ્યા હતા. મુખ્યમંત્રીશ્રીએ ગણેશ મહોત્સવમાં દર્શન કરવા આવેલા નાગરિકોનું અભિવાદન ઝીલ્યું હતું અને ભૂલકાંઓ સાથે વડીલ વાત્સલ્ય ભાવથી વાર્તાલાપ કર્યો હતો.

---

## JANM NONDHANI

રાજ્યમાં જન્મ-મરણની નોંધણી આવતીકાલથી એટલે કે, પહેલી સપ્ટેમ્બરથી કેન્દ્ર સરકારના **C.R.S.** પોર્ટલ પર કરવાની રહેશે.

રાજ્યમાં જન્મ-મરણની નોંધણી આરોગ્ય વિભાગ દ્વારા કાર્યરત **E-olakh Application** પર કરાતી હતી, તેના બદલે હવેથી કેન્દ્ર સરકાર દ્વારા કાર્યરત **C.R.S.**

પોર્ટલ પર કરવાની રહેશે. આ પોર્ટલ પહેલી સપ્ટેમ્બરના બપોરના બાર વાગ્યાથી કાર્યરત થશે, તેમ આરોગ્ય અને તબીબી સેવાઓ વિભાગની યાદીમાં જણાવાયું છે.

C.R.S. પોર્ટલ પર જન્મ અને મરણના બનાવોની નોંધણી સરળતાથી થઇ શકશે. જે અંતર્ગત જિલ્લાના અને મહાનગરપાલિકાના જન્મ-મરણ રજીસ્ટ્રારઓને રાજ્ય કક્ષાએથી C.R.S. પોર્ટલ અંગે  તાલીમ આપવામાં આવી છે. આ ઉપરાંત મહાનગરપાલિકા, નગરપાલિકા અને ગ્રામપંચાયતના સરકારી તથા ખાનગી હોસ્પિટલના સ્ટાફને પણ તાલીમ આપવામાં આવી છે.

---

## ANGDAN

સિવિલ હોસ્પિટલનાં બે  બ્રેઇનડેડ વ્યક્તિઓના અંગદાન થકી 11 લોકોને નવજીવન મળ્યું છે.

સિવિલમાં થયેલ આ બે અંગદાનની વિગતો જણાવતા સિવિલ સુપ્રિન્ટેન્ડેન્ટ ડૉ. રાકેશ જોષીએ જણાવ્યુ કે, માત્ર 11 કલાકના સમયમાં સિવિલ હોસ્પિટલમાં થયેલ આ બે અંગદાનથી મળેલ 11 અંગોમાંથી 4 કિડની અને 2 લીવર તેમજ સ્વાદુપિંડને સિવિલ મેડીસીટી કેમ્પસની જ કીડની હોસ્પિટલના જરૂરિયાતમંદ દર્દીઓમાં પ્રત્યારોપણ કરવામાં આવશે.

તેમજ આ બે અંગદાનથી મળેલ 2 હૃદયને  યુ.એન. મહેતા હોસ્પિટલના જરૂરિયાતમંદ દર્દીઓમાં તો બે ફેફસાને શહેરની કે.ડી. હોસ્પિટલના જરૂરિયાતમંદ દર્દીમાં પ્રત્યારોપણ કરવામાં આવશે

**(બાઈટ - સિવિલ સુપ્રિન્ટેન્ડેન્ટ ડૉ. રાકેશ જોષી)**

---

# WEATHER

હવામાન વિભાગ દ્વારા આગામી 7 દિવસ સુધી રાજ્યમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરવામાં આવી છે. રાજ્યના કેટલાક વિસ્તારોમાં ભારે વરસાદ પણ પડી શકે છે.

આજે સાબરકાંઠા, મહેસાણા, ગાંધીનગર, અમદાવાદ, અરવલ્લી, ખેડા, મહીસાગર, આણંદ, પંચમહાલ, દાહોદ, વડોદરા, છોટાઉદેપુર, ભરૂચ, નર્મદા, સુરત, તાપી, નવસારી, ડાંગ, વલસાડ, દમણ અને દાદરા નગર હવેલીમાં છુટા છવાયા સ્થળોએ ભારે વરસાદને લઈને યેલો એલર્ટ આપવામાં આવ્યું છે.

અમદાવાદ અને આસપાસના વિસ્તારોમાં ગાજવીજ સાથે મધ્યમથી ભારે વરસાદ થવાની શક્યતા છે.

## (બાઈટ – રામાશ્રય યાદવ)

---

# STATE RAIN (PAGE 1)

રાજયભરમાં વરસાદી માહોલ વચ્ચે છેલ્લા 24 કલાકમાં 134 તાલુકામાં ભારેથી હળવો વરસાદ નોધાયો છે.

સૌથી વધુ 10 ઇંચ વરસાદ પંચમહાલ જિલ્લાના હાલોલ ખાતે નોંધાયો છે. ભારે વરસાદને કારણે હાલોલના અનેક વિસ્તારોમાં પાણી ભરાતા જનજીવન અસરગ્રસ્ત બન્યું છે. ઘણા વાહનો પાણીમાં ડૂબી ગયા તો કેટલાક વાહનો પાણીમાં તણાઇ ગયા હતા.

**આ સાથે આણંદના ઉમરેઠમાં 5 ઈંચ ,મહીસાગરના કડાણા અને સંતરામપુરમાં 4 ઇંચ, બોરસદ અને શહેરામાં 3 ઇંચ, આણંદમાં દોઢ અને આંકલાવ- ખંભાતમાં એક ઇંચ જેટલો વરસાદ નોંધાયો છે. ઉમરેઠમાં 5 ઈંચ વરસાદ ખાબકતાં હાઈવે ઉપર પાણી ફરી વળ્યાં. વીજળીના ચમકારા અને વાદળના કડાકા સાથે ધોધમાર પડેલા વરસાદથી વાહનચાલકોને મુશ્કેલી ઊભી થઈ હતી. આ ઉપરાંત શહેરના અન્ય નીચાણવાળા વિસ્તારોમાં પણ પાણી ભરાઈ જવાથી લોકોને હાલાકી વેઠવી પડી હતી. બોરસદમાં પણ પડેલા વરસાદને કારણે શહેરના તળાવો છલકાઈ જવા પામ્યા હતા**

# STATE RAIN (PAGE 2)

અરવલ્લી જિલ્લાના જિલ્લા પંથકમાં મોડી સાંજે ધોધમાર વરસાદ વરસ્યો હતો આ સાથે જ મોડાસા પંથકમાં પણ વરસાદી માહોલ જામ્યો હતો. યાત્રાધામ શામળાજીમાં પણ સાંજના સમયે સાંબેલાધાર વરસાદ થયો હતો , જેને કારણે બસ સ્ટેશનની સામે હાઇવે પર ભેખડો ધસી પડતા હાઇવે રોડ પર બે કિલોમીટર સુધી રોડ જામ થયો હતો

ગોધરા શહેરમાંથી પસાર થતી મેસરી નદીમાં અચાનક પાણીની આવક થતાં પાનમ કોલોની પાછળ નદી કિનારે વસવાટ કરતા લોકો ફસાઈ ગયા હતા. ફાયર બ્રિગેડની ટીમે તાત્કાલિક બચાવ કામગીરી શરૂ કરી હતી. એક ગર્ભવતી મહિલા સહિત કુલ 15 લોકોને સહી સલામત રીતે બચાવી લેવામાં આવ્યા હતા.

વલસાડ તાલુકામાં એક ઇંચ વરસાદ નોંધાયો હતો. મધુબન ડેમનું જળસ્તર 75.95 મીટરે પહોંચ્યું છે. ડેમમાં 13 હજાર 193 ક્યુસેક પાણીની આવક થઈ છે ડેમના 4 દરવાજા 0.60 મીટર ખોલવામાં આવ્યા છે. તેમાંથી 12 હજાર 568 ક્યુસેક પાણી દમણગંગા નદીમાં છોડવામાં આવી રહ્યું છે. નદી કિનારે રહેતા લોકોને સાવચેત કરવામાં આવ્યા છે.

---

# WEIGHTLIFTING GAMES

અમદાવાદમાં યોજાયેલી કોમનવેલ્થ વેઈટલીફ્ટિંગ સ્પર્ધાના ગઈકાલે અંતિમ દિવસે ભારતે બે સુવર્ણ સહિત કુલ ચાર ચંદ્રકો જીત્યા છે, તુષાર ચૌધરી યુથ પુરુષની 94 કિલોગ્રામ વજન વર્ગ શ્રેણીમાં અને જૂનિયર પુરુષની 110 કિલોગ્રામ વજન વર્ગ

શ્રેણીમાં સુવર્ણચંદ્રક જીત્યા હતા. જ્યારે મહેક શર્માએ 86 કિલોગ્રામ વજન વર્ગ સિનિયર મહિલા શ્રેણીમાં રજત તથા લવપ્રિતસિંહ  સિનિયર  પુરુષ 110 વજન વર્ગ શ્રેણીમાં કાંસ્ય ચંદ્રક જીત્યો હતો. આ સાથે જ ભારતે આ સ્પર્ધામાં 27 સુવર્ણ 10 રજત અને ત્રણ કાંસ્ય મળી કુલ 40 ચંદ્રકો જીત્યા છે

---

## CYCLE RALLY ANAND

ખેલ રત્ન મેજર ધ્યાનચંદની જન્મ જયંતીની ઉજવણીના ભાગરૂપે કરમસદ આણંદ મહાનગરપાલિકા અને જિલ્લા વહીવટી તંત્ર આણંદ દ્વારા રાષ્ટ્રીય રમત દિવસ અંતર્ગત  આણંદ ખાતે આજે  સાઇકલ રેલીનું આયોજન કરવામાં આવ્યું છે.

આ સાયકલ રેલી  સવારે આણંદ ટાઉનહોલ ચાર રસ્તા થી શાસ્ત્રી મેદાન વલ્લભ વિદ્યાનગર સુધી રાખવામાં આવેલી છે. અમારા આણંદના પ્રતિનિધિના જણાવ્યા  મુજબ આ સાયકલ રેલીમાં ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય, આણંદના સાંસદ સહિત આણંદ જિલ્લાના ધારાસભ્યો, પદાધિકારીઓ, અધિકારીઓ, કર્મચારીઓ અને રમતવીરો ભાગ લેશે.

---